| PUBLICATION NAME : | Divya Bhaskar (City Bhaskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 20/02/24 |
| PAGE : | 9 |

CB INSIGHT ‘જેકેટ કેપિટલ ઓફ ઇન્ડિયા’ નાં ક્લસ્ટરને કંપનીમાં કન્વર્ટ કર્યું

# EDIIની પહેલ: સ્ટાર્ટઅપને ગામડાંઓ સુધી પહોંચાડવા મહિલાઓને સ્કિલ ટ્રેનિંગ આપી



ગાંધીનગર: મધ્ય પ્રદેશના શિવપુરીમાં બદરવાસ જેકેટ ક્લસ્ટર કે જે તેના અપસાયકલિંગ અને સસ્ટેનેબલિટી માટે જાણીતું છે. આ ક્લસ્ટર ‘જેકેટ કેપિટલ ઓફ ઈન્ડિયા’ તરીકે પણ ઓળખાય છે. દેશની વિવિધ કાપડ મિલ્સમાં જે કાપડના ટુકડાઓ વેસ્ટ થાય છે, તેના દ્વારા આ ક્લસ્ટરની મહિલાઓ મોદી જેકેટ બનાવે છે.

સ્ટાર્ટઅપને ગામડાંઓ સુધી લઈ જવાના હેતુ સાથે EDIIમાં ‘ક્વોલિટી અપ્રિસિએશન, સેલ્સમેનશીપ-વિઝ્યુઅલ મર્ચેન્ડાઈઝિંગ’ ટ્રેનિંગનું યોજાયું. જેમાં બદરવાસ ક્લસ્ટરની 20 મહિલાઓને આંત્રપ્રિન્યોરશીપ ટ્રેનિંગ અપાઈ. EDII એ ક્લસ્ટરનું સિલેક્શન કરી તેને કંપનીમાં કન્વર્ટ કર્યું જેની શેર હોલ્ડર્સ તે મહિલાઓને જ બનાવી. જેથી તેઓ પોતાનું આ સ્ટાર્ટઅપ બિઝનેસમાં કન્વર્ટ કરી શકે. તેઓને ફેબ્રિક મેન્યુફેક્ચરિંગ, સેલ્સ માર્કેટિંગ અને પેકેજિંગ જેવી બાબતો ટ્રેનિંગમાં શીખવવામાં આવી હતી.

## જોબ વર્કર મહિલાઓ તે જ કંપનીની શેર હોલ્ડર્સ છે

અગાઉ મહિલાઓ ફેબ્રિક ડિલર પાસેથી ઓછી કિંમતમાં મિલના ફેબ્રિક વેસ્ટમાંથી જેકેટ્સ બનાવવાનું કામ કરતી હતી. માગમાં વધારાને કારણે સ્થાનિકોને વધુ પ્રોડક્શનના ઓર્ડર મળ્યાં. જેથી EDIIએ આ ક્લસ્ટર સિલેક્ટ કર્યું. સૌ પ્રથમ એક કંપનીની સ્થાપના કરાઈ અને મહિલાઓને જ તેના શેર હોલ્ડર બનાવ્યાં. તેથી આ જોબ વર્કર મહિલાઓ હાલ તે કંપનીની માલિક છે. હાલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ફંડિંગ રાજ્ય સરકાર કરે છે. જે અંતર્ગત મહિલાઓને વિવિધ ટ્રેનિંગ અપાઈ.

## NIFT દ્વારા ડિઝાઇન-ટેક્નોલોજિકલ ટ્રેનિંગ અપાઇ

ક્લસ્ટરની મહિલાઓના સ્ટીચિંગમાં અનેક ખામીઓ જોવા મળી હતી. જેમ કે, નેકલાઈન શેપ, કોલર સાઈઝ, પોકેટ ડિફ્રન્સ, ફિનિશિંગ વગેરે. સૌથી પહેલાં આ વસ્તુઓ માટે તેમને પ્રોપર ટ્રેનિંગ અપાઈ. EDII દ્વારા મહિલાઓને ટેકનિકલ સપોર્ટ જેમ કે, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર, સ્કિલ ટ્રેનીંગ અને પ્રોડક્શન એક્ટિવિટી મોનિટરિંગ, ફોરવર્ડ - બેકવર્ડ લિન્કેજ અને સરકારી યોજનાઓ વિશે ટ્રેનીંગ આપવામાં આવી હતી. જ્યારે NIFT દ્વારા ડિઝાઈન-ટેક્નોલોજિકલ સપોર્ટ જેમ કે, ડિઝાઈન ડેવલપમેન્ટ, ફિનિશિંગ સ્કીલ, પ્રોડક્ટ સ્ટાન્ડર્ડાઈઝેશન, લેટેસ્ટ ટેકનોલોજી અને ટેક્નિક્સની ટ્રેનિંગ અપાઈ હતી.